13BGB2

# બાઇબલનો ગુજરાતી તરજુમો અને ઇશ્વરે પોતે ઉચ્ચારેલાં વિશેષનામ

રેવ. જયાનંદ આઈ. ચૌહાણ

13BGB2

# બાઇબલનો ગુજરાતી તરજુમો
# અને
# ઈશ્વરે પોતે ઉચ્ચારેલાં વિશેષનામ

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF [illegible]ADELPHIA
42[illegible]RAL AVE.
CHELTENHAM, PA 19012-2103

રેવ. જયાનંદ આઈ. ચૌહાન

- *પ્રકાશક :*

  **ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટી**
  સાહિત્ય સેવા સદન
  એલિસબ્રિજ
  અમદાવાદ-૩૮૦ ૦૦૬

- *લેખક :*

  **રેવ. જયાનંદ આઈ. ચૌહાન**
  એમ.એ. (જર્નાલિઝમ)
  યુ.એસ.એ.

- **પહેલી આવૃત્તિ :**

  નવેમ્બર ૧, ૧૯૯૬

- **રૂપિયા :**

- *મુદ્રક :*

  **જેન્સન કોમ્પ્યૂટર્સ**
  એ/૪, બેથલેહેમ ફ્લેટ્સ, પટેલવાડી
  ખોખરા સ્નાનાગરની સામે, ખોખરા
  મણિનગર (પૂર્વ), અમદાવાદ-૩૮૦ ૦૦૮

# અર્પણ

નડિયાદ મેથડિસ્ટ ચર્ચ તરફથી
આ પુસ્તકના પ્રકાશન માટે
ગુજરાત ટ્રાક્ટ એન્ડ બુક સોસાયટીને
રૂપિયા પાંચ હજાર (રૂ. ૫,૦૦૦)
ભેટ તરીકે આપવામાં આવ્યા છે,
જેથી આ પુસ્તક ઉપરોક્ત ચર્ચને અર્પણ
કરવામાં આવે છે.

---

રેવ. જયાનંદ આઈ. ચૌહાનના
લિટરેચર રિવોલ્વીંગ ફંડ દ્વારા પ્રકાશિત

---

નડિયાદ મેથડિસ્ટ ચર્ચ

## મને થાય છે કે આટલું કહી દઉં.........

પ્રેમાળ ઈશ્વર પિતાનો પરમ આભાર માનું છું કે, આ પુસ્તક લખવા તેમણે મને કૃપા આપી.

મને ગુજરાતી, ગ્રીક અને હિબ્રૂ ભાષા શીખવાની તક આપી તે માટે પરમ કૃપાળુ પરમેશ્વરનો હૈયું છલકતો આભાર માનું છું. તેથી જ તેમણે આપેલા બાઈબલનો ઊંડો અભ્યાસ કરવાનું શક્ય બન્યું. કેટલાય દિવસો અને કંઈ કેટલીય રાતોની રાત, સવારો-સવાર સુધી તેમનાં વચનોનો અભ્યાસ અને મનન કરવાનું મન આપ્યું તેટલેયે તેમનો આભાર.

**ગ્રીક :**

- લેનર્ડ થીઓલોજિકલ કૉલેજ, જબલપુર, ૧૯૩૩-૩૭.
- "Teach yourself Greek" કોર્સ (ઘેર બેઠાં).
- એવનસ્ટન (ઇલિનોય), ૧૯૫૩-૫૪.

**હિબ્રૂ :**

- સીબરી વેસ્ટર્ન સેમિનરીમાં 'સ્પેશ્યલ' હિબ્રૂ ૧૯૫૩-૫૪.
- ગુરુકુલ સેમિનરી, મદ્રાસ, ચાર માસનો 'ઇન્ટેન્સીવ' હિબ્રૂ કોર્સ, ૧૯૬૫. બાઈબલ સોસાયટી ઓફ ઇન્ડિયાએ મને મોકલ્યો હતો.

**ગુજરાતી ભાષા :**

- ગૃહ-સંસ્કાર, શોખ, અને આંતર-સ્ફૂરણાથી ભાષાનો અભ્યાસ.
- શિશુવયથી અદમ્ય વાચનરસ અને વિસ્તૃત વાચન.
- હજી પ્રાથમિક શાળાના સમયમાં જ સરસ્વતી ચંદ્રના ચારેય દળદાર ભાગ તેમ જ અન્ય એવું વિશાળ વાચન.

- Linguistic (ભાષાશાસ્ત્ર)નો કોર્સ, હૉલ ઓફ લેંન્ગ્વેજીઝમાં, સીરાક્યુઝ યુનિવર્સિટી, સીરાક્યુઝ, ૧૯૫૧-૫૩.
- પત્રકારત્વ : પોસ્ટ ગ્રેજ્યુએટ ડિગ્રી કોર્સ, સીરાક્યુઝ (N.Y.) 1951-53 આખો સ્ટાફ અને ખાસ કરીને ડૉ. વુલ્સલી જેમણે મને (સીરાક્યુઝમાં) અને જયાને (નાગપુરમાં) જર્નાલિઝમ શીખવ્યું.
- એમાંયે ખાસ કરીને 'ન્યુઝ પેપર સીક્વન્સ કોર્સ', અને 'રીડેબીલીટી કોર્સ' (રસિક અને સરળ કેવી રીતે લખવું-બોલવું) મને ખૂબ ઉપયોગી નીવડયાં.
- બાઇબલ સોસાયટી ઓફ ઈન્ડિયાએ મને 'બાઇબલ ટ્રાન્સલેશન'ની નિમણૂક આપી. ૧૯૬૩ તથા ગુરૂકુલ સેમિનરી ખાતે 'ઇન્ટેન્સીવ હિબ્રૂ' કોર્સ માટે મદ્રાસ મોકલ્યો ૧૯૬૫.
- મેથડિસ્ટ ચર્ચની 'ક્રૂઝેડ સ્કોલરશીપ' મેળવવા માટે આભાર માનું છું. તે દ્વારા અનેકવિધ બહુ ઉપયોગી અભ્યાસક્રમોનો લાભ મેળવી શક્યો.
- વિશ્વ વિખ્યાત આર્કિયોલોજિસ્ટ પ્રોફેસર ડબલ્યુ. એફ. ઑલબ્રાઈટે બાઇબલ પુરાવિદ્યાના અનેક દેશોમાં ફરવા, જોવા, અનુભવ મેળવવા નાણાં, ઓળખ, રેફરન્સ વગેરે પૂરાં પાડી ફેરવ્યો (૧૯૫૪) તે બદલ આભાર. બાઇબલ સ્ટડી અને આંખે-દેખ્યો અભ્યાસ મળ્યો. એ મારે માટે મહામૂલું શિક્ષણ બની ગયું.
- મને થાય છે કે જો ઈશ્વર પિતા મને ફરી પૃથ્વી પર મોકલે તો ગ્રીક અને હિબ્રૂનો અભ્યાસ તરત જ શરૂ કરી દઉં ! (ઈશ્વર પિતા એવું નથી કરતા, હોંકે !)
- બાઈબલના કેટલાક પ્રશ્નો અને અરબી વિશેષનામોનો પ્રશ્ન ઊભો થયો એટલે આ પુસ્તક લખવા પ્રેરાયો.

- આમાં શેખી ને ગુમાની લાગે છે ? મને તો આમાં શેખીયે નહિ અને ગુમાનીયે નહિ, પણ ગભરામણ ગભરામણ લાગે છે.

ભક્તે કહ્યું છે ને ''તે મારાં પગલાં ગોઠવે છે !'' મારાં પગલાં આમ આમ ગોઠવીને, પ્રભુ તમે, શું કરાવવા માગો છો ?

મને તો ખબર નથી પડતી. તોય ગભરાતો ગભરાતો લખ્યે જાઉં છું !

> બાઈબલનો ઊંડો અભ્યાસ અને મનન,
> પ્રાર્થના સાથે કરી શકું,
> અને લોકોની આગળ એનું સાહિત્ય ધરી શકું,
> માટે દિલને વહાલા લાગતા કેટલાયે શોખ :-
> વાયોલિન-વાદન, પેઈન્ટિંગ, ચિત્રકામ,
> વાર્તા-કાવ્યો લેખન, ફર્નિચર, હસ્ત ઉદ્યોગ -
> બધું છોડી દીધું.
> છોડવાનીયે આ કૃપા ઈશ્વર પિતાએ જ આપી
> તે માટે તેમનો ખૂબ ખૂબ આભાર.

જયાનંદ આઈ. ચૌહાન
૧ નવેમ્બર, ૧૯૯૬

## હૈયાશપથ

ઘેરાં વનવૃક્ષો રમ્ય અને રોમાંચ ભર્યાં,
અને એકાંતિક એ આરામગાહ વળી ત્યાં.
રાહ જોતાં ક્યારનાં, રે, મુજને આમંત્રી રહ્યાં !
ને પેલે પાર પિતા-ગોદે ઝુલવા શી તનમના !
પણ લીધેલ હૈયાશપથ પાળવા રહ્યા મારે !
અને જોજનો પર જોજનો કાપવાં રહ્યાં મારે !
પ્રભુનાં'લેખનો' કંઈ કેટલાંયે લખવાનાં છે પડયાં;
ગામેગામ, શહેરે શહેર પોં'ચતાંય કરવાં રહ્યાં !
નહિ તો જવાબ શો દઉં પ્રભુ-તખ્તાસને ?
એટલે જ
મહાકાળની નીંદમાં પોઢતાં પહેલાં,
નાથ-ચીંધ્યાં કામ પૂર્ણ કરવાં રહ્યાં !
માટે જ જોજનો પર જોજનો મારે કાપવાં રહ્યાં.
જોજનો પર જોજન કાપવાં રહ્યાં,
રે નાથ, તમારે સહારે ! - તમારે સહારે !

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| | મને થાય છે કે આટલું કહી દઉં...... | V |
| | હૈયાશપથ | VIII |
| | અનુક્રમણિકા | IX |
| ૧. | મહા મહાન ઈશ્વર | ૧ |
| ૨. | ઈશ્વરનાં અફર અને અટલ વચન | ૪ |
| ૩. | કેટલા બધા દાઉદ ડેવિડ બની ગયા; અને - | ૮ |
| ૪. | બાઈબલ અને ગણિત | ૧૧ |
| ૫. | બાઈબલમાં 'ભૂત' શબ્દ કેવી રીતે ઘૂસી ગયો ? | ૧૪ |
| ૬. | વિશેષનામોનું 'ટ્રાન્સલિટરેશન' કરવું સારું | ૧૬ |
| ૭. | ''આપણે ક્યાં યહૂદી બનવાના છીએ કે, અરબી નામો બદલી નાખીએ ?'' | ૧૯ |
| ૮. | યહોવા કે યહોવાહ ? | ૨૧ |
| ૯. | નવી રીતે બાઈબલનાં વિશેષનામો લખવાનું કેવી રીતે શરૂ થયું ? | ૨૫ |
| ૧૦. | મૂળ હિબ્રૂ વિશેષનામો રાખનારી સંસ્થાઓ | ૨૭ |
| ૧૧. | હિબ્રૂ નામોનું લીસ્ટ | ૩૦ |
| ૧૨. | હિબ્રૂ નામો અપનાવવાં જોઈએ | ૩૬ |
| ૧૩. | ગુજરાતી શબ્દકોશ માટે શબ્દો | ૩૯ |


•

# ૧ મહા મહાન ઈશ્વર

ઈશ્વર અતિ મહાન છે. તે મહા-મહાન છે. તે અનાદિકાળથી અનંતકાળ માટે ઈશ્વર છે. આ સમયસૂચક શબ્દો માટે અંગ્રેજીમાં Eternity (ઈટરનીટી) શબ્દ વાપર્યો છે. ગુજરાતીમાં એનો બરોબરિયો શબ્દ જ નથી. એ શબ્દ સમય-માપણીનો છે. દિશામાં અંતરની માપણી માટે પણ અંગ્રેજીમાં શબ્દ છે : 'ઈન્ફીનીટી'. ગુજરાતીમાં એનો પણ જોટો નથી. ઈશ્વર એવા ઈન્ફીનીટ અને ઈટરનલ છે. અરે, એનાથીય ક્યાંય વધુ.

પલકના જીવડા જેવું માણસ ઈટરનીટીનું માપ મગજથી કદિયે કલ્પી શકે જ નહિ. એક માણસે બીજા માણસને ઈશ્વર વિષે પૂછતાં ઈટરનીટી વિષે પૂછયું કે, ''ઈટરનીટી એટલે શું ?'' બીજાએ જવાબમાં એક ઉદાહરણ આપ્યું :

એક ચકલી આવે અને સમુદ્રની રેતીનો એક કણ લઈ જાય. પછી બીજા દિવસે આવીને બીજો કણ લઈ જાય. ત્રીજા દિવસે ત્રીજો. ચોથે દિવસે ચોથો. અને એમ એક પછી એક દુનિયાના બધા જ મહાસાગરોની બધી જ રેતી ખાલી કરી નાખે, ત્યારે ઈટરનીટીની હજી તો શરૂઆત જ થઈ હોય. ઈશ્વર ઈટરનીટી અને ઈન્ફીનીટી કરતાં ક્યાંયે અધિક છે !

તે સર્વસમર્થ, સર્વજ્ઞ, સર્વવ્યાપી અને આત્મિક ત્રૈક વ્યક્તિ છે. તે સમગ્ર સૃષ્ટિના સૃજનહાર છે. સંત દાનિયેલ કહે છે, ''ઈશ્વરનું નામ સદાકાળ સ્તુત્ય હો. ......તે સમયોને તથા ઋતુઓને બદલી નાખે છે; તે રાજાઓને પદભ્રષ્ટ કરે છે, ને રાજાઓને ગાદીએ બેસાડે છે; તે જ્ઞાનીઓને જ્ઞાન તથા બુદ્ધિમાનોને અક્કલ આપે છે. તે ગહન અને ગુહ્ય વાતો ખુલ્લી કરે છે;

અંધકારમાં જે કંઈ હોય તે તે જાણે છે, ને પ્રકાશ તેની સાથે રહે છે'' (દાનિ. ૨ : ૨૦-૨૨) એની આગળ ભૂત કે ભવિષ્ય છે જ નહિ; માત્ર ચાલુ વર્તમાનકાળ છે.

ચક્રવર્તી સમ્રાટ નબુખાદનેસ્સાર પોતાને થયેલા ખાસ અનુભવ ઉપરથી આ પ્રમાણે લખે છે : ''મેં પરાત્પર ઈશ્વરને ધન્યવાદ આપ્યો, અને જે સર્વકાળ જીવે છે તેની મેં સ્તુતિ કરીને તેને માન આપ્યું. કેમ કે તેનો અધિકાર સર્વકાળનો અધિકાર, ને તેનું રાજ્ય પેઢી દર પેઢીનું છે. પૃથ્વીના સર્વ રહેવાસીઓ તેની આગળ કંઈ જ વિસાતમાં નથી. તે આકાશના સૈન્યમાં તથા પૃથ્વીના રહેવાસીઓમાં પોતાની ઇચ્છા પ્રમાણે કરે છે; કોઈ તેનો હાથ અટકાવી શકતો નથી...'' (દાનિ. ૪ : ૩૪-૩૫).

ભક્ત યશાયા પણ એવું જ કથન કરે છે : ''ઈશ્વરની નજરમાં પ્રજાઓ તો ડોલમાંથી ટપકતા ટીપા જેવી, ને ત્રાજવાની રજ સમાન ગણાયેલી છે. દ્વીપો ઊડી જતી રજકણો જેવા છે, સર્વ પ્રજાઓ તેની આગળ કંઈ વિસાતમાં નથી. તેણે તેઓને શૂન્યરૂપ તથા નહિ જેવી ગણી છે... તે તો પૃથ્વી ઉપરના નભોમંડળ પર બિરાજનાર, અને એની નજરમાં તેના રહેવાસીઓ તીડ સમાન છે'' (યશા. ૪૦ : ૧૫, ૧૭, ૨૨).

એ જ ઈશ્વર જૂઠાં દેવદેવીઓને (એટલે કે શેતાનના અશુદ્ધ આત્માઓને પડકારે છે : ''તમારી દલીલો જાહેર કરો... એટલે પછી શું થનાર છે તે અમે જાણીએ. પ્રથમ (લાંબા ભૂતકાળમાં) જે જે બીનાઓ બની તે કહો, અથવા તો (દૂરદૂરના ભવિષ્યકાળમાં) જે જે થનાર છે તે તેઓ જણાવે... હવે પછી જે જે બીનાઓ બનવાની છે તે અમને કહો જેથી તમે દેવો છો તે અમે જાણીએ'' (યશા. ૪૧ : ૨૧-૨૩, ૪૨ : ૮, ૯. ૪૪ : ૭. ૪૬ : ૯, ૧૦. ૪૮ : ૩, ૫).

હા, આ ઈશ્વરે જ લાંબા ભૂતકાળનું તેમ જ લાંબા ભવિષ્યકાળનું પ્રકટીકરણ આપ્યું. આખા ઉત્પત્તિના પુસ્તકનું ઈશ્વરે મોશેને પ્રકટીકરણ આપ્યું.

•

# ૨ ઈશ્વરનાં અફર અને અટલ વચન

ઈશ્વર પોતાનાં બોલેલાં વચનો કેવાં અતિ ભવ્ય અને સામર્થ્યવાન છે તે વિષે કહે છે : ''મારું વચન જે મારા મુખમાંથી નીકળ્યું છે તે સફળ થશે. મેં જે ચાહ્યું છે તે કર્યા વિના, ને જે હેતુથી મેં તેને મોકલ્યું હતું તેમાં સફળ થયા વિના, તે ફોકટ મારી પાસે પાછું વળશે નહિ'' (યશા. ૫૬ : ૧૧). વળી તે કહે છે : ''આકાશ તથા પૃથ્વી જતાં રહેશે, પણ મારી વાતો (વચનો, શબ્દો) જતી રહેશે નહિ'' (માર્ક ૧૩ : ૩૧). ''હું તમને ખચીત કહું છું કે સઘળાં પૂરાં નહિ થશે ત્યાં સુધી આ પેઢી ટળી જશે નહિ. આકાશ તથા પૃથ્વી જતાં રહેશે, પણ મારી વાતો (વચન, શબ્દો) જતી રહેવાની નથી'' (લૂક ૨૧ : ૩૨. માથ્થી ૨૪ : ૩૫). એ ઈશ્વરના બોલેલા શબ્દો અચળ અને અટલ છે. તે હંમેશાં અણીશુધ્ધ રહેવા જોઈએ. એમાં કોઈ ફેરફાર થવો ન જોઈએ.

ઈશ્વરના મુખે બોલાયેલાં વચનોમાં કોઈ ફેરફાર થવો ન જોઈએ. તરજુમાઓમાં પણ બની શકે તેટલું અસલ પાઠની વધુ ને વધુ નજદીક રહેવું જોઈએ.

The Bible is verbally inspired... that is, every single word was directed by God ! ...Bible is a perfect-book, nothing could have possibly been left to the freedom of imperfect man.

"We find that the writers of the scripture were the mouth of God, that God opened and closed their mouths, placed words in their mouths (not thoughts or principles, but WORDS)."

-taken from : "What every Christian should know," by Roy Branson, Jr. Th.D., D.R.E.

બાઈબલ શાબ્દિક પ્રેરણાથી લખાયેલું છે... એટલે કે બાઈબલનો એકેએક શબ્દ ઈશ્વરની પ્રેરણાથી લખાયેલો છે. બાઈબલ સંપૂર્ણ પુસ્તક છે. અપૂર્ણ માણસની સ્વતંત્ર ઈચ્છા એમાં કંઈક ઉમેરો કરી શકે એ માટે કંઈ પણ રહેવા દેવામાં આવ્યું નથી. મતલબ કે માણસ એમાં ઉમેરો કરી શકે એવું કંઈ પણ રહેવા દેવામાં આવ્યું નથી.

અમે એ જોઈ શકીએ છીએ કે બાઈબલના બધા જ લેખકો ઈશ્વરનું મુખ બન્યા છે, એટલે કે ઈશ્વરે તેમનાં મુખ ખોલ્યાં અને બંધ પણ કર્યાં. ઈશ્વરે તેમનાં મુખમાં શબ્દો મૂક્યા (નહિ કે વિચારો, સિધ્ધાંતો, પણ શબ્દો મૂક્યા).

When He (Jesus) was on earth Jesus constantly affirmed that His message was eternal, that the very words which He spoke had been given to Him by God the Father before the creation of the world. For I have not spoken of Myself, He told the unbelieving multitude, but the Father which sent me, He gave me a commandment, what I should say, and what I should speak. And I know that His commandment is life everlasting : whatsoever I speak therefore, even as the Father said unto Me, so I speak (John 12 : 49). ......For I have given the words which Thou gavest Me (John 17: 8). The King James Version Defended, by Edward F. Hills.

જ્યારે ઈસુ પૃથ્વી પર હતા ત્યારે તેમણે સતત એમ ખાતરીપૂર્વક કહ્યું હતું કે મારો સંદેશ સાર્વકાળિક છે, અને એ જે કંઈ કહે છે તે બધું શબ્દે-શબ્દ પૃથ્વીના મંડાણ અગાઉ તેમના ઈશ્વર પિતાએ તેમને આપ્યું હતું. તેમણે અવિશ્વાસી લોકોની આગળ કહ્યું હતું કે હું જે

કંઈ બોલું છું, તે મારી પોતાની તરફથી બોલતો નથી, પણ જે પિતાએ મને મોકલ્યો છે, તેમણે મને આજ્ઞા આપી છે કે મારે શું કહેવું અને શું બોલવું. અને હું જાણું છું કે તેમની (પિતાની) આજ્ઞા તે અનંતકાલિક જીવન છે. તે માટે જે કંઈ હું બોલું છું, તે જેવું પિતાએ મને કહ્યું છે તેવું જ હું બોલું છું (યોહાન ૧૨ : ૪૯). ...કેમ કે જે વચનો તેં મને આપ્યાં તે મેં તેઓને આપ્યાં છે (યોહાન ૧૭ : ૮).

આખા ઉત્પત્તિના પુસ્તકનું પ્રકટીકરણ ઈશ્વરે મોશેને આપ્યું. એમાં ઈશ્વર હિબ્રૂ ભાષામાં મોશેની સાથે આ વિશેષનામો બોલ્યા : અબ્રાહામ, ઇસહાક, યાકોબ, યોસેફ, મનાશ્શા, અને નહિ કે અરબી નામો : ઇબ્રાહીમ, ઈસ્હાક, યાકૂબ, યુસફ. વળી આખાયે બાઇબલમાં પ્રભુ પવિત્ર આત્મા પ્રેરણા દ્વારા આ પ્રમાણે બોલ્યા : દાવિદ, શલોમોન, યોબ, યોના, વગેરે, અને નહિ કે અરબીમાં દાઉદ, સુલેમાન, અયૂબ, વગેરે.

મૂળે તો એ બધા હિબ્રૂ ઉચ્ચારો જ હતા અને શ્રીરામપુરમાં વિલ્યમ કેરીએ જે થોડો ક ગુજરાતી તરજુમો કર્યો હતો તેમાં મોશે, અબ્રાહામ, યાકોબ વગેરે છાપ્યું હતું.

પણ ભૂલ ક્યાં થઈ ? અને અરબી નામો ક્યાંથી ઘૂસી ગયાં? આપણે જોઈએ. સુરતમાં લંડન મિશનરી સોસાયટી તરફથી ૧૮૧૫માં રેવ. જેમ્સ સ્કીનર અને રેવ. વિલ્યમ ફાઈવી મિશનેરી તરીકે આવ્યા અને બાઇબલ તરજુમાનું કામ શરૂ કર્યું. વિલ્યમ ફાઈવીએ એ સમયની સ્થિતિ દર્શાવતાં લખ્યું હતું કે ''આસપાસ કોઈ તરફથી અમને સાથ સહકાર કે માયાભાવના બે શબ્દો મળતા નહોતા.'' એવામાં તેઓએ એક મુસ્લિમ મુનશીને તરજુમા માટે રોક્યો. એ મુનશી હિબ્રૂ ગ્રીક કે અંગ્રેજી જાણતો ન હતો. એટલે એણે બાઇબલમાંનાં વિશેષ નામો (હિબ્રૂમાં નહિ પણ) કુરાનનાં

અરબી નામો ઊતાર્યાં. અબ્રાહામ, યાકોબ, દાવિદ, સલોમોન, યોસેફ લખવાને બદલે અરબી નામો ઈબ્રાહીમ, યાકૂબ, દાઉદ, સુલેમાન, યૂસફ વાપર્યા. બાઈબલ કહે છે : પણ શાસ્ત્રની એક પણ માત્રા રદ થાય, તે કરતાં આકાશ તથા પૃથ્વીને જતું રહેવું સહેલ છે'' (લૂક ૧૬ : ૧૭). પણ અત્યાર સુધી આ ભૂલ ચાલુ જ રહી છે.

•

## 3 કેટલા બધા દાઉદો ડેવિડ બની ગયા ! અને

આ ન્યાય તો જુઓ ! કેવો હડહડતો અન્યાય ? આ મારી ૮૩ વર્ષની ઉંમરમાં મેં અનેક બધા દાઉદને ડેવિડ બની જતા જોયા ! એક દાઉદ નાના કસબામાં શિક્ષક હતા. એ કહે કે 'દાઉદ' નામને લઈને બધા મને મુસલમાન માને છે ! એટલે મેં તો દાઉદનું ડેવિડ ફેરવાવી દીધું ! અરે, એવા તો કેટલાયે જોયા જેમનાં બાપ્તિસ્માનાં નામ દાઉદ હતાં, પણ એ બધા જ ડેવિડ બની ગયા ! પણ પાંચ દાયકાના ગુજરાતી ખ્રિસ્તીઓ બાઈબલના દાઉદને દાવિદ નથી બનવા દેતા. નવાઈની વાત તો એ કે ખુદ યહોવાએ એને દાવિદ કહીને બોલાવેલો. બિચારો દાઉદ !

અને આય જુઓ તો ખરા. ગઈ કાલના બધા સુલેમાન આજે હવે સોલોમોન બની ગયા છે. એમનાંયે બાપ્તિસ્માનાં નામ સુલેમાન હતાં. એમાંના મારા એક મિત્ર મિ. સોલોમનને એક જણ રસ્તામાં મળ્યા, અને કહ્યું, ''કેમ છો સુલેમાનભાઈ !'' એટલે મારા મિત્ર નવા બનેલા સોલોમને પેલા ભાઈને મારા દેખતાં લાફો ચોઢી કાઢ્યો, અને કહ્યું, ''સોલોમોન બોલતાં નથી આવડતું ?''

અને કહું ? બાપ્તિસ્મા વખતના બધા યુસફ હવે તો જોસેફ બની ગયા છે. પણ પેલો બિચારો ગુજરાતી બાઈબલનો યુસફ યોસેફ નથી બની શકતો, કારણ, આજના કેટલાક ગુજરાતી ખ્રિસ્તીઓ કહે છે કે એણે તો યુસફ જ રહેવું પડશે, નહિ તો સન્ડે સ્કૂલનાં બાળકોને યોસેફ બોલતાં ક્યાંથી આવડે ? એ બિચારો બૂમો પાડે છે કે મારા બાપુજી મને યોસેફ કહેતા ? મારા ભાઈઓ મને યોસેફ કહેતા. અરે, ખુદ ફારૂન રાજા મને યોસેફ કહેતા થાકતા નહિ ! અરે, મારી મિસરી પત્ની મને સ્વામી યોસેફ કહેતી. પણ તમે

ગુજરાતીઓ મને યુસફ કહો છો ?'' પોકાર : ''છાનો રહે, છાનો રહે, તારે તો યુસફ જ રહેવું પડશે !''

અને બધા બાપતિસ્મી યાકુબો જેકબ બની ગયા છે. ઇબ્રાહીમ તો કોઈ નથી. હવે તો એ નામ કોઈ રાખતું નથી.

વાત બધી ક્યાં આગળ કહું ? બાઇબલના દાઉદ, યાકૂબ સુલેમાન, વગેરેનો સુધારો સુરતના મુનશીની ભૂલથી અને એમના ટેકેદારોથી અટકી પડયો છે !

બાકી બાઇબલના લહિયાઓ તો બાઇબલનાં વચનો અને ખાસ કરીને વિશેષ નામો અને વંશાવળીઓ સંબંધી અતિ ચોક્કસ રહેતા.

આ ભૂલથી પેઠેલાં અરબી નામ જૂના જોડાની પેઠે બહુ કોઠે પડી ગયાં હશે. પણ એનો અર્થ એમ કે ન થાય કે થયેલી ભૂલો એમને એમ રહેવા દેવી. નવો જોડો શરૂઆતે જરા ડંખેય ખરો. પણ નવો જોડો જરૂરી છે. ઈ.સ.૧૬૧૧માં કીંગ જેમ્સ IV ના અધિકાર નીચે બાઇબલની નવી આવૃત્તિ - નવો તરજુમો તૈયાર કરવામાં આવ્યો. પણ લોકોએ વિરોધમાં તે બાઇબલની ઘણી બધી નકલો આગમાં બાળી નાખી ! પણ આજે એ ૧૬૧૧ની ''ઓથોરાઇઝડ'' આવૃત્તિ યા કીંગ જેમ્સ આવૃત્તિ લોકોને ખૂબ જ પ્રિય થઈ પડી છે.

એ પછી ૧૯૫૨માં 'રીવાઇઝડ સ્ટાન્ડર્ડ વર્ઝન' અમેરિકામાં બહાર પડી, ત્યારે હું અભ્યાસાર્થે અમેરિકામાં હતો. તે સમયે આ નવી વર્ઝનની વિરુદ્ધમાં છાપામાં ખૂબ ખૂબ આવતું હતું. એની નકલોની હોળી કરવામાં આવેલી, અને એની વિરુદ્ધ ચોપડીઓ લખવામાં આવી હતી. એ તો મનુષ્ય નીતિની ખાસિયત છે. નવો જોડો ડંખવાનો જ.

લોકોનાં ટોળાં તો ખરું ખોટું સમજ્યા વગર, લાગણીઓના પ્રવાહમાં તણાઈ જઈ 'હોસાના' ય પોકારે અને પછી 'વધસ્તંભે જડી દો, વધસ્તંભે જડી દો' એમેય પાછા પોકારવાના.

નવાં નામો થોડો વખત ફાવે - ન ફાવે પણ પાછળથી નવી પેઢીને ફાવી જશે. અને એ નવાં નામો એ જ ખરાં નામો છે. મારા એક બુઝુર્ગ મિત્ર મિ. અવધાની મુંબઈમાં રહેતા હતા. એમને ફક્ત ૧૯૦૮ની બાઇબલ આવૃત્તિ વાંચવી ગમે ! બીજું કોઈ બાઇબલ વાંચે જ નહિ. જો કે એ પ્રભુના મોટા સેવક હતા, અને ૧૯૦૮ના બાઇબલના ફકરાના ફકરા એમને કંઠસ્થ થઈ ગયા હતા. તો પણ શું ? બાઈબલ ભાષાની નવી નવી શોધખોળો મળી આવે, અને મૂળ હિબ્રૂ અને ગ્રીક તથા અરામી ભાષાના અર્થ કરવાની નવી નવી કૂંચીઓ મળી આવે, અને એમ આપણું બાઇબલ મૂળ લેખોની વધુને વધુ નજદીક આવે એ જરૂરનું છે.

ઈવેન્જેલિકલ અને બિલિવર્સ તરીકે આપણે હૃદયપૂર્વક માનીએ છીએ છે કે ''પવિત્ર બાઇબલ'' ઈશ્વરપ્રેરિત છે, એનો **એકેએક શબ્દ** ઈશ્વરપ્રેરિત છે - Planary and verbal inspiration. એનો અર્થ એ કે બાઇબલના જે પ્રથમ હિબ્રૂ અને ગ્રીક લેખો પવિત્ર આત્મા દ્વારા ઈશ્વરે પોતે લખાવ્યા, તે બધા ક્ષતિરહિત છે. ઈશ્વરે મૂળ લેખમાં 'અબ્રાહામ', બોલ્યા હોય, 'યાકોબ/વ' બોલ્યા હોય, 'યોસેફ' બોલ્યા હોય, શલોમોન, દાવિદ, ઈ. બોલ્યા હોય, તો કોઈનેયે એ અધિકાર નથી કે એને બદલે 'ઇબ્રાહીમ, યાકૂબ, યૂસફ, સુલેમાન, દાઉદ કરે ! તરજુમો કરનારને પણ એ હક નથી. ગુજરાતી બાઇબલમાં તરજુમો કરનારે એવી છૂટ લઈને ઇબ્રાહીમ, સુલેમાન, વગેરે કર્યું હોય તો ઈશ્વરે મૂળ ઉચ્ચારેલાં નામોમાં ફેરફાર કરવાની તેમણે ભયંકર ભૂલ કરી છે, એ ભૂલોને વહેલામાં વહેલી તકે સુધારવી રહી.

•

## ૪ બાઈબલ અને ગણિત :

બાઈબલના શબ્દો અને વાક્યો હિબ્રૂ અને ગ્રીકમાં ગણેલાં છે. જેમ કે ઉત્પ. ૧ : ૧ સાત શબ્દ (અંગ્રેજી અને ગુજરાતીમાં એ સચવાયું છે. The, a, an, અને હિબ્રૂનો 'હા' પ્રત્યય ગણવાના નથી હોતા.) એટલું જ નહિ, પણ સેમિટિક ભાષાઓ અને ગ્રીક ભાષામાં - દરેક અક્ષરની અમુક સંખ્યા ગણાય છે. (પ્રકટી ૧૩ : ૧૮ ''તેની સંખ્યા ૬૬૬ છે.'' એ પ્રમાણે નામોની અક્ષર ગણતરી પૂરી થવી જોઈએ, 'અબ્રાહામ નામના અક્ષરોની હિબ્રૂ પ્રમાણે અમુક ગણતરી થાય છે. પણ 'ઈબ્રાહીમ' લખો એટલે અરબી અક્ષરોની સંખ્યા-ગણતરી તદ્દન જુદી બની જાય છે.

નીચે અરબી, હિબ્રૂ અને ગ્રીક ભાષાની કક્કાવારી અને પ્રત્યેક કક્કાની કિંમત કેટલી છે તે દર્શાવ્યું છે :

| અરેબિક | કક્કા | કિંમત | હિબ્રૂ | કિંમત | ગ્રીક | કિંમત |
|---|---|---|---|---|---|---|
| અબ્જદ | અલેફ | ૧ | એલેફ | ૧ | આલ્ફા | ૧ |
| અબ્જદ | બે | ૨ | બેથ | ૨ | બેટા | ૨ |
| અબ્જદ | જીમ | ૩ | ગીમેલ | ૩ | ગામા | ૩ |
| અબ્જદ | દાલ | ૪ | દાલેથ | ૪ | ડેલ્ટા | ૪ |
| હવ્વઝ | હે | ૫ | હે | ૫ | ઇપ્સીલોન | ૫ |
| હવ્વઝ | વાવ | ૬ | વાવ | ૬ | સ્ટીગ્મા અથવા વાવ કે (ફક્ત જયારે આંકડા તરીકે વપરાય ત્યારે) | ૬ |
| હવ્વઝ | ઝે | ૭ | ઝાઈન | ૭ | ઝેતા | ૭ |

| અરેબિક | કક્કા | કિંમત | હિબ્રૂ | કિંમત | ગ્રીક | કિંમત |
|---|---|---|---|---|---|---|
| હુતી | હે | ૮ | ખેથ | ૮ | એતા | ૮ |
| હુતી | તોય | ૯ | ટેથ | ૯ | થેતા | ૯ |
| હુતી | યે | ૧૦ | યોધ/જોધ | ૧૦ | યોતા | ૧૦ |
| કલિમલ | કાફ | ૨૦ | કાફ | ૨૦ | કાપ્પા | ૨૦ |
| કલિમલ | લામ | ૩૦ | લામેદ | ૩૦ | લામ્ડા | ૩૦ |
| કલિમલ | મીમ | ૪૦ | મેમ | ૪૦ | મ્યુ | ૪૦ |
| કલિમલ | નૂન | ૫૦ | નૂન | ૫૦ | ન્યુ | ૫૦ |
| સખફસ | સીન | ૬૦ | સામેખ | ૬૦ | ખી | ૬૦ |
| સખફસ | એયેન | ૭૦ | હાયીન | ૭૦ | ઓમિક્રોન | ૭૦ |
| સખફસ | ફે | ૮૦ | પે | ૮૦ | પી | ૮૦ |
| સખફસ | સ્વાદ | ૯૦ | ત્સાદાઈ | ૯૦ | કોપ્પા | ૯૦ |
| ફરશત | કોફે | ૧૦૦ | કોફ | ૧૦૦ | રૂહો | ૧૦૦ |
| ફરશત | રે | ૨૦૦ | રેશ | ૨૦૦ | સીગ્મા | ૨૦૦ |
| ફરશત | શીન | ૩૦૦ | શીન | ૩૦૦ | તાવ | ૩૦૦ |
| ફરશત | તે | ૪૦૦ | તાવ | ૪૦૦ | યુપ્સીલોન | ૪૦૦ |
| સખ્ખજ | સે | ૫૦૦ | | | ફી | ૫૦૦ |
| સખ્ખજ | ખે | ૬૦૦ | | | ચી/ખી | ૬૦૦ |
| સખ્ખજ | ઝાલ | ૭૦૦ | | | પ્સી | ૭૦૦ |
| જજઝગ | ઝવૉદ | ૮૦૦ | | | ઓમેગા | ૮૦૦ |
| જજઝગ | ઝોય | ૯૦૦ | | | સામ્પસી | ૯૦૦ |
| જજઝગ | ઘયેન | ૧૦૦૦ | | | (એ કક્કો નથી) | |

ઉપરની અરબીની માહિતી કુ. જેસ્મીનબહેન એલ. મેકવાને ''જ્ઞાનસંહિતા''ની ત્રીજી આવૃત્તિ (૧૯૮૯)માંથી પૂરી પાડી છે. તેમ જ શ્રીમતી મેબલબહેન ભટનાગરે 'ફારસી શબ્દકોષ' પરથી

આપી છે. તે બંનેનો આભાર માનું છું. હિબ્રૂ કક્કાની માહિતી મેં ''The Englishman's Bible'' (Thomas Newberry) માંથી સાભાર ઊતારી છે. ગ્રીક કક્કા અને કિંમત ''Many Intallible Proofs'' (Henry M. Morris) માંથી સાભાર ઊતાર્યું છે. તેમાં 'સામ્પસી' એ કક્કો નથી; ૯૦૦ માટે ઉમેરેલું છે; બાકી કક્કાવારી ''ઓમેગા'' એ પૂરી થાય છે. સ્ટીગ્મા અને કોપ્પા પણ વધારાના છે.

●

# ૫ બાઈબલમાં 'ભૂત' શબ્દ કેવી રીતે ઘૂસી ગયો ?

હિંદુ શિક્ષણ અને ફિલસૂફીનો ભૂત શબ્દ પણ મુનશીની ભૂલથી આજે દોઢસો વર્ષથી ગુજરાતી બાઈબલમાં ચાલુ રહ્યો છે. અને હિંદુ ફિલસૂફી અને આત્માઓની દુનિયાની જૂઠી માહિતી ખ્રિસ્તી માન્યતામાં ઘુસાડી દીધી છે, અને ખ્રિસ્તીઓમાં જડ ઘાલી બેઠી છે.

હિંદુ માન્યતા પ્રમાણે 'ભૂત' એક સમયે માણસ હતો, પણ આત્મઘાતથી કે અકસ્માતમાં કસમયે મરવાથી તે પૃથ્વી ઉપર અશરીરી એટલે કે શરીર વગર - અવગતિઓ બને છે. તે બીજી કોઈ યોનીમાં જન્મ ધરી શકતો નથી. અને પૃથ્વી પર ભટક્યા કરે છે.

એને અમુક ભોગ ભોગવવા હોય છે, એની અમૂક અધૂરી રહેલી વાસનાઓ તૃપ્ત કરવી હોય છે, માટે તે બીજાં માણસોનાં શરીરનો કબ્જો લે છે, અને એ શરીરોમાં પ્રવેશ કરીને પોતાની વાસનાઓ કે ભોગ પૂરા કરે છે. એને 'ભૂત વળગ્યું' કહેવાય છે.

મુસ્લિમોમાં પણ આ માન્યતા છે. બાઈબલ તો બહુ સ્પષ્ટ શીખવે છે કે કોઈ માણસ અવગતિયું બનતું નથી. અને એનો આત્મા અશરીરી બનીને પૃથ્વી પર ભટક્યા કરતો નથી. ભલા કે ભૂંડા માણસનો આત્મા સીધો ઈશ્વરના હવાલા કે અખત્યારમાં પાછો જાય છે (સભાશિ. ૧૧:૭. લૂક ૧૬:૨૨-૨૩).

બાઈબલમાં હિબ્રૂ કે ગ્રીક ભાષામાં 'ભૂત' જેવો કોઈ શબ્દ જ નથી. ગ્રીક ભાષામાં નવા કરારમાં daimon (દાઈમોન) શબ્દ છે, જેનો તરજુમો ગુજરાતીમાં ભૂત કર્યો છે. ગ્રીકનો બીજો એક શબ્દ daimonion (દાઈમોનિયોન) એનો પણ એવો જ અર્થ થાય છે. વળી ત્રીજો એક શબ્દ પણ છે - ન્યુમા આકાથાર્તોન = અશુદ્ધ આત્મા (માર્ક ૩ : ૩૬). એ તરજૂમો બરાબર છે. એ શબ્દોને માટે

આપણા ગુજરાતીમાં દુષ્ટાત્મા, અશુદ્ધ આત્મા, અથવા અપદૂત છે. આવા બરોબરીઆ અર્થવાળા ગુજરાતીમાં શબ્દો હોવા છતાં તરજુમાકારે કેવી ભયંકર ભૂલ કરી કે હિન્દુ માન્યતાનો અસંબંધિત શબ્દ 'ભૂત' વાપર્યો. ત્યારથી ભૂત બાઈબલમાં પેઠો છે, તે આજ સુધી નીકળ્યો જ નથી, એ ૧૫૦ વર્ષથી બાઈબલમાં છે. જ્યારે કેટલાક કહે છે કે એ શબ્દ 'ભૂત' છે એમ જ રહેવા દો. આ કેવું માનસ !

•

## ૬

## વિશેષ નામોનું 'ટ્રાન્સલિટરેશન' કરવું સારું : તરજુમો નહિ

હિબ્રૂ અને ગ્રીક લેખોનો અન્ય ભાષાઓમાં તરજુમો પવિત્ર આત્માની સહાયથી કરવો જોઈએ. કારણ, બાઇબલનો મૂળ લેખક પવિત્ર આત્મા છે. વળી તરજુમો કરનારને બંને ભાષાનું સારું જ્ઞાન હોવું જોઈએ, એટલે કે મૂળ ભાષા જેમાંથી તરજુમો કરવાનો છે તે, અને જેમાં તરજુમો કરવાનો છે તે ભાષા.

પણ વિશેષ નામો - વ્યક્તિવાચક નામો, સરોવરો, સમુદ્રો, શહેરો, પહાડો, નદીઓ અને એવાં નામોનો તરજુમો ન કરતાં એ નામોનું ટ્રાન્સલીટરેશન કરવું સારું. જેમ કે અબ્રાહામ, ગાલીલ, જૈતૂન, યરુશાલેમ, ઇત્યાદિ ટ્રાન્સલીટરેશન એટલે મૂળ ભાષાનાં નામોને ગુજરાતી કક્કાવારી વાપરીને ઉચ્ચાર લખવો. (ઉપર જણાવ્યું તેમ)

એમાં એટલું સાચવવું કે મૂળ ભાષાને મળતી આવતી અન્ય ભાષાના નામ નહિ વાપરવાં. એમાં ઐતિહાસિકતાની સચ્ચાઈ ઊતરતી નથી. જેમકે અબ્રાહામને બદલે ઇબ્રાહીમ; દાવિદને બદલે દાઊદ; શલોમોનને બદલે સુલેમાન. આ ત્રણે જોડનાં પહેલાં નામ હિબ્રૂ છે, જ્યારે બીજાં નામ અરબી છે.

'કાર્દિયા' એ ગ્રીક શબ્દનું ટ્રાન્સલીટરેશન થયું; જ્યારે એનો તરજુમો 'હૃદય' થાય.

નામોનું તો 'ટ્રાન્સલીટરેશન' જ થાય. એટલે કે મૂળ લેખમાં (ઇન્સ્પાર્ડ લેખમાં) અબ્રાહામ હોય, તો **'અબ્રાહામ'** જ લખાય, કારણ, ઈશ્વરે આ લખાણ મોશે પાસે લખાવ્યું ત્યારે ઈશ્વરે 'અબ્રાહામ' ઉચ્ચાર્યું હતું. એટલે કોઈ એને 'ઇબ્રાહીમ' ન લખી શકે. ગુજરાતી તરજુમો કરનારા સાહેબોએ એવી છૂટ લઈને જે

ભયંકર ભૂલ કરી છે એ અક્ષમ્ય છે. ઈશ્વરની એમાં પ્રેરણા હતી જ નહીં. અરબી નામો મુસ્લિમ ભાઈઓમાં પ્રચલિત હતાં તે તેમણે 'અબ્રાહામ' વગેરેને બદલે અપનાવી લીધાં !

પ્રભુએ નામો ઉપર તો બહુ ભાર મૂક્યો છે, તેણે 'અબ્રામ' બદલાવીને તેને નવું નામ આપ્યું : 'અબ્રાહામ'. યાકોબને ઇઝરાયલ નામ આપ્યું. સિમોન પિતરને કહ્યું, 'તું' 'કેફા' કહેવાશે. મરિયમને કહ્યું, 'તું તેનું નામ ઈસુ પાડશે.'

બીજું કે 'અબ્રાહામ'નો જે અર્થ થાય છે તે ઇબ્રાહિમનો થતો નથી. એવું જ બીજાં નામોનું પણ.

તરજુમો કરનારે વિશેષ નામોનો કેટલીક જગાએ તરજુમો કર્યો છે તો કેટલીક જગાએ ટ્રાન્સલીટરેશન કર્યુ છે. એથી ગેરસમજૂતી થાય છે.

''**પાધરા** નામના રસ્તામાં જા.'' પ્રે.કૃ.૯ : ૧૧. ગ્રીકમાં છે: **Eutheian (યુથાઈઅન)** એ રસ્તાનું નામ હતું. જેમ કે **'રીલિફ** રોડ'. આપણે એને **રાહતનો** રસ્તો ન કહી શકીએ, ભલે રીલિફ એટલે રાહત અર્થ થતો હોય - એમ રસ્તા 'યુથાઈઅન'નો 'પાધરા નામનો' કર્યું તે બરાબર નથી.

એમ જ ''ત્રણ **ધર્મશાળા**'' ગ્રીકમાં **ત્રીઓન તેબેર્નોન.** 'ત્રીઓન તેબેર્નોન' વિશેષ નામ છે. જેમ અમદાવાદના **'પાંચકૂવાનું** (ફાઈવ વેલ્સ) **Five wells** તરજુમો કરવો તે બરાબર નથી, છતાં ગુજરાતીમાં ત્રણ ધર્મશાળા' તરજુમો કર્યો તે બરાબર નથી. વળી એની આગળના શબ્દ **'આપી ફોરમ'**નો તરજુમો ન કરતાં ટ્રાન્સલીટરેશન કર્યું તે સારું કર્યું.

એમ **'દકાપોલિસ'**નું **'દશનગર'** ન કર્યું તે સારું કર્યું. કહેવાનું એટલું જ કે એકધારી વ્યવસ્થા રાખવી જોઈએ.

ગુજરાતી તરજુમો કરનાર સાહેબોએ બીજી પણ ભૂલ કરી છે : **દૈવયોગ** લૂક ૧૦ : ૩૧. સભાશિક્ષક ૯ : ૧૧. **દૈવ** = ભાગ્ય. ભાગ્ય, ભાગ્યવાનનો અર્થ નશીબદાર થાય છે. એ હિંદુ માન્યતા છે, વળી રોમન ૭ : ૨૪ ''હું કેવો **'દુર્ભાગી'** માણસ છું.' (એ પણ ખોટી રીતે વાપર્યો છે. **'દુર્ભાગી' વ્યાકરણની** રીતે **બરાબર છે.** પણ ખ્રિસ્તી બાઈબલ દુર્ભાગ્યની દેવી (નશીબ વાદમાં) શબ્દ વાપરી શકે નહિં.

બીજી એક આખી કલમ છેલ્લાં ૧૫૦ વર્ષથી તદ્દન ખોટા અને ઉલટા સ્વરૂપમાં આપણા ગુજરાતી બાઈબલમાં છપાતી આવી છે. એ છે ૨ શમુએલ ૨ : ૨૭. સંપૂર્ણ બાઈબલ અથવા કોઈ પણ અંગ્રેજી આવૃત્તિ સાથે સરખાવી જોજો. આ સંબંધી મને આજથી ૧૧ વર્ષ ઉપર સુધારવા આપેલા 'સ્ટડી બાઈબલ'માં મેં સુધારીને આપ્યું છે.

ગુજરાતી બાઈભલમાં આ પ્રમાણે એ કલમ આપી છે :

યોઆબે કહ્યું, કે જીવતા દેવના સમ, જો તું બોલ્યો ન હોત તો નક્કી સવારે લોકો ચાલ્યા ગયા હોત, ને પ્રત્યેક માણસ પોતાના ભાઈની પાછળ લાગત નહિ.''

હવે એને 'સંપૂર્ણ બાઈબલમાંથી જોઈ લઈએ : પરમેશ્વરના સમ જો તું ન બોલ્યો હોત તો આ લોકોએ સવાર સુધી પીછો કર્યો હોત.

હવે અંગ્રેજી જોઈ લઈએ :

As surely as God lives, if you had
not spoken the men would
have Continued the persuit of their
brothers unlil morning.

ઈન્ટરનેશનલ બાઈબલ સોસાયટીના ગુજરાતી બાઈબલે પણ આ ભૂલ સુધારી નથી.

•

# ૭ આપણે ક્યાં યહૂદીઓ બનવાના છીએ તે અરબી નામ બદલીએ ?

કોઈ એવી દલીલ કરે કે આપણે ક્યાં ઈઝરાયલમાં રહેવાના છીએ કે યહૂદીઓ બનવાના છીએ કે જેથી યહૂદી (હિબ્રૂ) નામો રાખીએ. આ તો આડી કે વાંકી વાત થઈ. તો અરબી નામો રાખી આરબ દેશોમાં જવાના છીએ ? કે કુરાનનાં નામ રાખી આપણે કુરાન પઢવાના છીએ શું ? હિબ્રૂ મૂળવાળાં નામ રાખવાનું કારણ તો એ કે ઈશ્વરે પોતે એ નામો હિબ્રૂમાં ઉચ્ચાર્યાં હતાં, અને હિબ્રૂમાં લખાયેલા જૂના કરારમાં એ નામો હિબ્રૂમાં લખાયેલાં છે, અને નહિ કે અરબીમાં. બાઈબલમાં અરબી નામો આવ્યાં એ તો મુસ્લિમ મુનશીની ભૂલથી આવ્યાં.

પણ એક વાત ભૂલવી ન જોઈએ કે, ઈશ્વરે અબ્રાહામ દ્વારા યહૂદી પ્રજાને પસંદ કરી, વધારી, આશીર્વાદો આપ્યા, અને ખાસ શિક્ષા પણ કરી. કારણ, ઈશ્વર એ પ્રજા મારફતે પોતાનો સંદેશો દુનિયાને પહોંચાડવા માગતા હતા. એટલે જ આખું બાઈબલ એનું એકેએક પુસ્તક યહૂદીઓ મારફતે લખાયું. એટલું જ નહિ પણ એ યહૂદીઓ દ્વારા જ બાઈબલની સાચવણી જીવના જોખમે થઈ. They are the custodians of the Bible. ઈશ્વર જે નામો અને વચનો મૂળ હસ્તલેખોમાં બોલ્યા તેની ભારે કાળજીપૂર્વક જાળવણી કરી. એટલે એમને તો 'Salute' ઘટે છે. એમણે સાચવ્યું તે આપણે બગાડ્યું !

યહૂદી લહિયાઓ બાઈબલનાં વચનો ખૂબ સાચવતા. લહિયાઓ એ વચનોની નકલ કરવા બેસે ત્યારે નાહીધોઈ અને શુદ્ધ થઈને જ વચનોની નકલ આગળ લખે. 'યહોવા' નામ લખવાનું આવે ત્યારે

કલમની ટાંક બદલે અને 'યહોવા' વ્યક્તિવાચક નામ તરીકે આવે ત્યારે તો નાહીને પાછા આવીને એ નામ લખે.

જે વચનો પ્રત્યે આવી આસ્થા, ડર, અને ગૌરવ હોય ત્યાં આપણા ગુજરાતી બાઈબલમાં કુરાનનાં અરબી નામ તેઓ જુએ તો તેમને કેવું લાગે ! અને આપણે તો ૧૫૦ વર્ષથી એ ભૂલને કોઈ જાતના સંકોચ વગર વાપરતા આવ્યા ! ઘડી આવી ચૂકી છે કે એ બદલીએ.

પ્રકટીકરણના સાતમા અને ચૌદમા અધ્યાયમાં ઈશ્વરથી પસંદ કરાયેલા તેમજ મુદ્રિત કરાયેલા પણ એક લાખ ચુંવાળિસ હજાર (૧,૪૪,૦૦૦) યહૂદીઓ જ હશે, જેઓની મારફતે ઈશ્વર રાજ્યની સુવાર્તા આખી દુનિયામાં માત્ર, સાત જ વર્ષના ગાળામાં ફેલાવશે. તો હિબ્રૂ (યહૂદી) ભાષા વિષે ઓછો આંક ન આંકતા.

●

# ૮ યહોવા કે યહોવાહ ?

હિબ્રૂ ભાષામાં યહોવાહ લખાય છે, પણ છેલ્લો 'હ' મૂંગો હોઈને ઉચ્ચારાતો નથી. ઉચ્ચારાય છે ફક્ત 'યહોવા'. અંગ્રેજીમાં લખાય છે Jehovah (જેહોવાહ) પણ ઉચ્ચારાય છે Jehova (યહોવા). કોઈપણ સારી અંગ્રેજી ડિક્ષનરી જોઈ લેવાથી એ માલુમ પડશે. ન્યુ ઑક્સફર્ડ કે ન્યુ કૉલેજિયેટ વેબસ્ટર ડિક્ષનરી, રીડર્સ ડાયજેસ્ટ ઈલેક્ટ્રેટેડ ડિક્ષનરી.

**વેબસ્ટર (ન્યુ કોલેજિયેટ ડિક્ષનરી)માં** જોડણીમાં Jehovah આપ્યું છે, પણ શબ્દનો ઉચ્ચાર 'જેહોવા' - Jehova, આપ્યો છે. **રીડર્સ ડાયજેસ્ટ ઈલસ્ટ્રેટેડ** ડિક્ષનરીમાં જોડણી Jehovah આપી છે; પણ એનો ઉચ્ચાર Jehova - યહોવા - આપ્યો છે. ગ્રેટ ઓક્સફર્ડ ડિક્ષનરીમાં પણ જોડણી Jehovah આપી છે, પણ ઉચ્ચાર Jehova - યહોવા આપ્યો છે. હિબ્રૂ ડિક્ષનરી એવું જ આપે છે.

હિબ્રૂ, અંગ્રેજી, હિંદી, વગેરે ભાષાઓ ફોનેટિક (Phonetic) ભાષાઓ ન હોવાથી લખાણ અને ઉચ્ચારમાં ફરક પડે. જેમકે Knife લખાય, પણ કનાઈફ ન ઉચ્ચારાય, knee લખાય, પણ 'કની' ન ઉચ્ચારાય, ફક્ત 'ની' ઉચ્ચારાય. Night લખાય, પણ ઉચ્ચારાય nite. put પૂટ થાય, પણ but બૂટ ન થાય.

પણ ગુજરાતી ભાષા 'ફોનેટિક' ભાષા હોવાથી લખાય તેવું જ બોલાય (ઉચ્ચારાય); અને ઉચ્ચારાય તેવું જ લખાય. એટલે હિબ્રૂ (Yehovah) ગુજરાતીમાં માત્ર 'યહોવા' લખાય, પણ ગુજરાતીમાં 'યહોવાહ' લખો તો એ ખોટું અને જૂઠું છે. ગુજરાતીમાં બાઈબલનો તરજુમો કરનારા તે વખતના સાહેબોએ ગોથું ખાધું છે, અને એ ભૂલ આજ સુધી ચાલુ રહી છે.

અરબી લિપીમાં ''અલ્લાહ'' લખાય છે, પણ બોલાય છે 'અલ્લા'. એટલે ગુજરાતી **'સાર્થ જોડણીકોશે** અંદર છાપ્યું છે 'અલ્લા', (નહિ કે 'અલ્લાહ'). જોડણીકોશમાં જોઈ લેજો. વળી જોડણીકોશમાં **'યા અલ્લા'** અલ્લાની ગાય, અલ્લા બેલી, અલ્લા તાલા, અલ્લા ચોટલી આપ્યું છે (નહિ કે 'યા અલ્લાહ). એ બધા ભાષા નિષ્ણાતો હતા. બાઈબલમાં 'યહોવા' એ જ નિયમ પ્રમાણે લખાય અને વંચાય. માટે ખોટી લાગણીથી ના ખેંચાઈ જઈએ. મેં લિંગ્વીસ્ટીક (ભાષાશાસ્ત્ર)નો અભ્યાસ લાંબા વખત સુધી કર્યો છે, અને એની પરીક્ષાઓ પણ આપી છે.

અમેરિકામાં મારા archaeology (પુરાતત્ત્વ વિદ્યા)ના પ્રોફેસર Allbright (ઑલ્બ્રાઈટ) દુનિયાભરમાં બહુ પ્રખ્યાત ભાષાશાસ્ત્રી પણ હતા. હિબ્રૂ, અક્કડ, અરામી, એરેબિક (અરબી) અને કેટલીક ભારતીય ભાષાના પણ નિષ્ણાત હતા. બધી સેમેટિક ભાષાઓ તે માતૃભાષાની જેમ બોલતા. એમની સાથે મારે Jehovah - Jehova અને અલ્લાહ (અરબી) અને અલ્લા વિષે અનેકવાર ચર્ચા થઈ હતી. અને એમનું સ્પષ્ટ સ્પષ્ટ મંતવ્ય હતું કે બધી 'ફોનેટિક' ભાષાઓમાં 'યહોવા' અને 'અલ્લા' લખાય અને બોલાય. અમેરિકાના તેમ જ મદ્રાસ (ગુરુકુલ)ના મારા **હિબ્રૂ પ્રોફેસરો**નું પણ એ જ મંતવ્ય હતું.

**હવા** : રોમન કેથલિકોએ (જીવી) કર્યું છે. અસલ મૂળ હિબ્રૂમાં તો 'હવા' નામ આમ લખેલું છે : ખન્વાહ. એમાં પહેલો અક્ષર 'ખેથ' છે. એટલે એનો ઉચ્ચાર **ખવ્વાહ** થાય. પણ અમુક નિયમાનુસાર **'હવ્વા'** થાય. હિંદી બાઈબલે હવ્વા છાપ્યું છે. પણ મારે જે લખવાનું તે આ કે, હિબ્રૂ Yehovahમાં છેલ્લે 'હ' છે, પણ ઉચ્ચારાતો નથી, અને તેથી 'યહોવા' ગુજરાતીમાં થાય. એમ 'ખવ્વાહ' કે 'હવ્વાહ'માં છેલ્લે 'હ' છે, પણ હિબ્રૂમાં તે ઉચ્ચારતો નથી તેથી ગુજરાતીમાં તરજુમો કરનાર સાહેબોએ 'હવાહ'માંથી

'હ' પડતો મૂક્યો, અને 'હવા' લખ્યું. એ વ્યાજબી કર્યું. તો એ નિયમાનુસાર તેઓએ 'યહોવા' લખવું જોઈતું હતું, પણ કોણ જાણે તેઓએ 'યહોવાહ' લખીને ભૂલ કેમ કરી ?

તમે એ ભૂલ ચાલુ રાખવા માગો છો ? મને નવાઈ લાગે છે ! 'હવા-અલ્લા', 'યહોવા' એ બધામાં અંતમાં મૂળ ભાષાઓમાં 'હ' છે, પણ ઉચ્ચારાતો નથી, તેથી ફોનેટિક ભાષાઓમાં (ગુજરાતીમાં) હવા, અલ્લા, યહોવા, લખાય-બોલાય.

જાણિતા ભાષાશાસ્ત્રી ડૉ. કે. કા. શાસ્ત્રી (અમદાવાદ) એલિસબ્રિજમાં અમારી પડોશમાં જ રહેતા હતા. એમને મેં આ વિષે પૂછેલું. તેમનો પણ એ જ જવાબ હતો કે 'યહોવાહ' નો 'હ' હિબ્રૂમાં લખાય છે ખરો, પણ એ મૂંગો ગણાય છે, એટલે બોલાતો નથી. એટલે ગુજરાતી જેવી ફોનેટિક ભાષામાં એ લખાય પણ નહિ, તેમ જ બોલાય પણ નહિ.

નીચે ગણેશ દેશપાંડેના પ્રખ્યાત અંગ્રેજી-ગુજરાતી શબ્દકોશમાંથી ''ફોનેટિક ભાષા'' શું તે ઊતારું છું :

''phonetic'' (ફને'ટિક, ફો-), વિ. સ્વરધ્વનિ -નું, અંગેનું; શબ્દના ઉચ્ચારનું Phonetic spelling, શબ્દનો જેવો ઉચ્ચાર થતો હોય તેવો જ લખવાની પધ્ધતિ.

ત્યાં Webstor કે Oxford કે કોઈ સારી વિશ્વાસપાત્ર ડિક્ષનરીમાં આ વિષે જોઈ લેશો.

આ ફૉનેટિક અંગેનું ગુજરાતીમાં ૧૯૬૬માં પ્રગટ થયેલું સર્વોત્તમ પુસ્તક <u>"ગુજરાતી ભાષાનું ધ્વનિ સ્વરૂપ અને ધ્વનિ પરિવર્તન"</u> ગુજરાત યુનિવર્સિટી તરફથી પ્રગટ થયેલું પુસ્તક અહીં મારા ટેબલ પર પડયું છે. ૧૯૬૬માં મેં ખરીદેલું. નિષ્ણાત પ્રોફે. પી. બી. પંડિતે રચેલા આ પુસ્તકમાં પણ એજ વાત આપી છે. ગુજરાતી ભાષા 'ફોનેટિક' હોઈને આ ભાષામાં લખાય તે

વંચાય/બોલાય અને બોલાય તેજ લખાય. એટલે હિબ્રૂ ભાષાના ઉચ્ચાર પ્રમાણે ગુજરાતીમાં 'યહોવા' જ લખાય-બોલાય.

**અગાઉના બાઈબલમાં તરજુમાના મેં કરાવેલા સુધારા :**

આપણું ગુજરાતી બાઈબલ મૂળ હિબ્રૂ અને ગ્રીક પ્રમાણે જ હોવું જોઈએ. એટલા માટે મેં લગભગ ૧૫ ઉપરાંત સુધારા B.S.I. પર લખીને કરાવ્યા હતા. સૌથી પહેલો સુધારો ૧૯૪૬માં કરાવેલો. લૂક ૨ : ૨૯B અગાઉ હતું : **"તું તારા દાસને શાંતિએ જવા દે;"** પણ મૂળ ગ્રીકમાં છે : **"તું તારા દાસને શાંતિમાં જવા દે છે."**

પણ એ બધા વિષે નથી લખતો. પણ ગુજરાતી બાઈબલ મૂળ હિબ્રૂ અને ગ્રીક હસ્તલેખો પ્રમાણે બને એ મારો રસ, વિષય અને આગ્રહ ૧૯૪૨થી બની રહ્યો છે.

●

# ૯ નવી રીતે બાઈબલમાં વિશેષનામો લખવાનું આવી રીતે શરુ થયું.

યુનાઈટેડ બાઈબલ સોસાયટી અને ખાસ કરીને બાઈબલ સોસાયટી ઓફ ઈન્ડિયામાં મૂળ હસ્તલેખો પ્રમાણે વિશેષનામો લખવા સંબંધી અવારનવાર ચર્ચા ચાલ્યા કરતી હતી. વળી ગુજરાતી બાઈબલમાં હિબ્રૂને બદલે અરબી નામો વપરાતાં હતાં. એટલે એ વિષે કંઈક કરવા બાઈબલ સોસાયટી વિચારતી હતી.

એટલે ૧૯૬૪ કે ૧૯૬૫ના અરસામાં બાઈબલ સોસાયટીના આશરા હેઠળ જી.આર.સી.સી. તરફથી દરેક ડિનોમિનેશનમાંથી બબ્બે વ્યક્તિઓ પસંદ કરવામાં આવી. તેમાં રેવ. ટી. એચ. લાઈલ અને રેવ. જયાનંદ આઈ. ચૌહાન બે તરજુમાકારોને પણ ઊમેરવામાં આવ્યા. રોમન કેથલિક મંડળીને પણ ગુજરાતીમાં બાઈબલ જોઈતું હતું. એટલે તેમના બે પ્રતિનિધિઓને આવકારવામાં આવ્યા : રેવ. ફાધર ઈસુદાસ કવેલી અને બીજા એક ફાધર જેઓ સંસ્કૃત ભાષાના નિષ્ણાત હતા.

વળી પશ્ચિમ એશિયા ખાતે U.B.S. તરફથી જે બાઈબલ ટ્રાન્સલેટર ઑફિસર સિંગાપોર ખાતે નીમાયેલા હતા, તે પણ નિરીક્ષણ, સલાહસૂચના તથા માર્ગદર્શન માટે અવારનવાર આવતા હતા. સમિતિ તરફથી વ્યક્તિઓ, સ્થળો, પર્વતો, નદીઓ વગેરે મળીને લગભગ ૬૦૦ નામ (વિશેષનામ), તેમના તખ્તા, ચાર્ટ, કાર્ડ વગેરે પણ તૈયાર કરવામાં આવ્યાં હતાં. અરબી નામો ભૂલથી બાઈબલમાં વપરાયાં હતાં, તેમની જગાએ મૂળ હિબ્રૂ અને ગ્રીક નામો રાખવા તરફ ઝોક બદલાતો હતો.

એવામાં રેવ. જયાનંદ આઈ. ચૌહાન ડિસેમ્બર ૬, ૧૯૬૯ રોજ બાઈબલ સોસાયટી ઓફ ઈન્ડિયાની નવી સ્થપાયેલી ગુજરાત

ઑક્ઝિલિયરીના સેક્રેટરી નીમાયા, અને રેવ. ટી. એચ. લાઇલ આયર્લેન્ડ ગયા. એટલે બાઇબલ સોસાયટીની બેંગલોર ખાતેની ઑફિસે રેવ. એરેનગેડનની દોરવણી નીચે ગુજરાત ખાતે 'કોમન લેન્ગવેજ'માં બાઇબલ તૈયાર કરવા એક સમિતિ રચી અને ગુજરાતીના ટ્રાન્સલેશનની દેખરેખ રાખવા એક સેન્ટ્રલ સમિતિ બનાવી. સિંગાપુરના ટ્રાન્સલેશન અધિકારી અવારનવાર આવતા, અને આ સેન્ટ્રલ સમિતિ સાથે બેસતા. આમ મૂળ હિબ્રૂ નામોની પસંદગી થઈ.

•

## ૧૦ ગુજરાતીમાં મૂળ હિબ્રૂ વિશેષનામ રાખનારી સંસ્થાઓ :

૧. એવામાં રોમન કેથલિક મંડળીને બાઈબલ તૈયાર કરવાની ઉતાવળ હતી, એટલે મરહૂમ નગીનદાસ પરીખની સહાય લઈને ફાધર કવેલીએ આખા બાઈબલનો તરજુમો કરી નાખ્યો. એમનો અનુવાદ આવકાર પાત્ર અને પ્રશંસનીય છે. રોમન કેથલિક ચર્ચની કેટલીક ખાસિયતો પ્રમાણેનો નહિ, પણ પ્રામાણિક અનુવાદ છે, જેમ કે માતા મરિયમ માટે ''હે કૃપાવંતી'', નહિ વાપરતાં કે ''કૃપામયી તારી ઉપર પ્રભુની કૃપા ઊતરી છે.'' વળી 'મારિયા' નહિ વાપરતાં 'મરિયમ' વાપર્યું છે. આપણી સમિતિએ અરબી કે કુરાનનાં વિશેષનામો ન વાપરતાં એની જગાએ મૂળ હિબ્રૂ નામો વાપરવા નક્કી કર્યું. તે પ્રમાણે તેમણે કુરાની (અરબી) નામોને બદલે મૂળ હિબ્રૂ પ્રમાણેનાં વિશેષનામો અપનાવ્યાં; અને ''સંપૂર્ણ બાઈબલ''ની પહેલી તેમ જ બીજી આવૃત્તિમાં એ જ નામો ચાલુ રાખ્યાં છે. આમ, ગુજરાતના સમસ્ત રોમન કેથલિક સમાજે આજે ૧૯૭૫ આસપાસથી એ વિશેષનામો અપનાવ્યાં છે.

૨. બાઈબલ સોસાયટી ઓફ ઇન્ડિયાએ 'કોમન લેન્ગવેજ'માં આખું બાઈબલ તૈયાર કરવા જે સમિતિ નીમી હતી, તેમણે પણ 'કોમન લેન્ગવેજ'માં 'નવો કરાર' ૧૯૮૬માં બહાર પાડયો. આ નવા કરારમાં સમિતિએ કુરાની અથવા અરબી નામો છોડીને મૂળ હિબ્રૂ પ્રમાણેનાં નામ અપનાવ્યાં છે, અને બાઈબલ સોસાયટીએ ૧૯૮૬-૮૭માં એને બહાર પાડયો છે. અને 'કોમન લેન્ગવેજ'માં આખું બાઈબલ લગભગ તૈયાર થઈ ગયું છે. આમ બાઈબલ સોસાયટીએ તો એ નામો સ્વીકારી લીધાં છે.

૩. વળી બાઈબલ સોસાયટી ઓફ ઇન્ડિયાની આપણી ટ્રાન્સલેશન સમિતિએ અને બેંગલોર ઑફિસે રેવ. જયાનંદ આઈ. ચૌહાનને ગુજરાતીમાં ''સ્ટડી બાઈબલ'' તૈયાર કરવાનું સોંપ્યું, સિંગાપોરના ટ્રાન્સલેશન અધિકારીએ પણ આ પ્રોજેક્ટને લીલી ઝંડી આપી. એ પ્રોજેક્ટનું કામ ૧૯૮૪માં સોંપવામાં આવ્યું હતું. રેવ. ચૌહાને પાંચ વર્ષમાં એ કામ તૈયાર કરી બાઈબલ સોસાયટી ઓફ ઇન્ડિયાને સોંપ્યું છે. એમાં પણ કુરાની-અરબી નામોને બદલે મૂળ હિબ્રૂ પ્રમાણેનાં નામો વાપરવામાં આવ્યાં છે.

૪. ઇન્ટરનેશનલ બાઈબલ સોસાયટી - ઇન્ડિયાએ ગુજરાતી બાઈબલ ૧૯૯૪ના વર્ષમાં બહાર પાડયું. તેમાં પણ અરબી નામોને બદલે મૂળ હિબ્રૂ પ્રમાણેનાં નામો રાખવામાં આવ્યાં છે.

૫. બાઈબલ સોસાયટીએ હિબ્રૂ નામો અપનાવ્યાં એ પછી મારાં લગભગ ૧૭ પુસ્તકોમાં હિબ્રૂ નામ વાપર્યાં છે.

૬. ટ્રાક્ટ સોસાયટીએ કોમેન્ટરીઓ ગુજરાતીમાં બહાર પાડવાનો પ્રોજેક્ટ હાથ ધર્યો છે. અંગ્રેજીમાંથી એમનો તરજુમો કરવાનો છે, જોન આર. ડબલ્યુ. સ્ટોટના મુખ્ય આધિપત્યે નીચે તૈયાર થયેલી ''The Bible Speakes Today''નાં શૃંખલા ભાષ્યોનો તરજુમો કરવાનો છે. પ્રોફે. ભગવતપ્રસાદ આર. ચૌહાણના પ્રમુખપણા નીચે આ ભાષ્યોના અનુવાદકોની એક સભા તા. ૧-૫-૧૯૯૪ રોજ મળી હતી. જેમાં બીજા કેટલાક ઠરાવો ઉપરાંત આ પણ ઠરાવ કરવામાં આવ્યો હતો, જે આ પ્રમાણે હતો :

''સર્વાનુમતે નક્કી થયું હતું કે પ્રોટેસ્ટંટ અને રોમન કેથલિક મંડળીઓએ બાઈબલનાં વ્યક્તિવાચક નામો અંગે જે સમજૂતી સાધી છે એને વળગી રહેવું. હવેથી ઇબ્રાહીમ નહિ પણ અબ્રાહામ, યૂસફ નહિ પણ યોસેફ; દાઉદ નહિ પણ દાવિદ; મુસા નહિ પણ મોશે; સુલેમાન નહિ પણ શલોમોન વગેરે વાપરવું.''

૭. 'વર્લ્ડ બાઈબલ ટ્રાન્સલેશન, સેન્ટર ઈન્ડિયા'ના આશરા હેઠળ ગુજરાતી નવા કરારનું તરજુમો પૂરો થવા આવ્યો છે. એ તરજુમામાં પણ હિબ્રૂ નામો રાખવામાં આવ્યાં છે.

૮. તા. ૨ ઓક્ટોબર, ૧૯૯૬ રોજ ટ્રાક્ટ સોસાયટીના આશરા નીચે તૈયાર થતી ગુજરાતી કોમેન્ટરીઝને જોઈ જનાર સમિતિ મળી હતી. જેમાં ઠરાવ કરવામાં આવ્યો હતો કે બાઈબલ સોસાયટી અને ટ્રાક્ટ સોસાયટીએ માન્ય કરેલાં હિબ્રૂ પ્રમાણેનાં વિશેષનામો બધાં ખ્રિસ્તીબંધુમાં છાપવાં અને જાહેર કરવાં અને હવેથી ખ્રિસ્તીબંધુ અને બાળવાડીમાં આવનાર બધાં લખાણો અને કાવ્યોમાં એ જ નામો વાપરવાં, અને અરબી નામો નહિ વાપરવાં. વળી ટ્રાક્ટ સોસાયટી મારફતે હવે પછી જે જે પુસ્તકો બહાર પાડવામાં આવે તેમાં પણ એજ પ્રમાણે હિબ્રૂમાંથી ઉદ્ભવતાં નામ વાપરવામાં આવશે.

•

# ૧૧ હિબ્રૂ નામોનું લીસ્ટ

**ઉત્પત્તિથી અબ્રાહામ સુધી**

- આદમ - હવા
- કાઈન - હાબેલ
- શેથ
- અનોશ
- કેનાન
- માહલાએલ
- યારેદ
- હનોખ
- મથૂશેલાહ
- લામેખ
- નૂહ
- શેમ, હામ, યાફેથ
- અબ્રામ - અબ્રાહામ
- સારા

**અબ્રાહામથી મોશે સુધી**

- અબ્રાહામ - સારા
- ઈસહાક - રિબકા
- યાકોબ - લિયા - રાહેલ
- ઝિલ્પા બિલ્હા

**બાર કુળો**

- યાકોબ (ઈઝરાયલ)

- એશાવ
- રુબેન
- શિમયોન
- લેવી
- યહૂદા
- દાન
- નફતાલી
- ગાદ
- આશેર
- ઈસ્સાખાર
- ઝબુલોન
- યોસેફ
- બિન્યામીન
- દીના

**યોસેફના બે દીકરા**

- મનાશ્શા
- એફ્રાઈમ
- આમ્રામ - યોખેબેદ
- હારૂન
- મરિયમ
- મોશે (મૂસાને બદલે)
- દેવ નહિ, પણ ઈશ્વર; અયુબ નહિ, પણ યોબ; હિબ્રૂપ્રજા,
- યહોવાહ નહિ, પણ યહોવા અથવા યાહવે.

**પ્રબોધકો (નબીઓ)**

- શમુએલ

- એલિયા
- એલિશા
- યશાયા
- ઈર્મિયા
- હઝકિયેલ
- દાનિયેલ
- હોશિયા
- યોએલ
- આમોસ
- ઓબાદ્યા
- યોના
- મિખા
- નાહૂમ
- હબાકૂક
- સફાન્યા
- હાગ્ગાય
- ઝખાર્યા
- માલાખી

**જૂના કરારનાં પુસ્તકોનાં નામ (આટલા જ ફેરફાર)**

- નહેમ્યા
- યોબ (અયુબને બદલે)
- (પ્રબોધકો કે નબીઓના લીસ્ટમાં બીજાં નામા જુઓ. જે બદલાયાં નથી)

**નવા કરારનાં પુસ્તકોનાં નામ**

- ફેરફાર : યાકોબનો પત્ર

- પિતરનો પત્ર

**જૂના કરારના ન્યાયાધીશોનું નામ**

- ઓથનિયેલ
- એહૂદ
- દબોરા - સીસરા
- ગિદિયોન
- અબિમેલેખ
- તોલા
- યાઈર
- યિફતા
- ઈબ્સાન
- એલોન
- અબ્દોન
- સામસૂન (દલિલા)
- શમુએલ (મા હાન્ના) પનિન્ના, એલ્કાના

**રાજાઓનાં નામ**

- શાઉલ
- દાવિદ (ગોલ્યાથ)
- શલોમોન
- યહૂદિયા ઈઝરાયલ
- રહાબામ યરોબામ
- અબિયામ નાદાબ
- આસા બાશા
- યહોશાફાટ એલા
- યહોરામ ઝિમ્રી

- અહાઝ્યા તિબ્ની
- અથાલ્યા (રાણી) ઓમ્રી
- યોઆશ (સમરુન રાજધાની)
- અમાસ્યા આહાબ
- ઉઝિઝયા (ઈઝબેલ રાણી)
- યોથામ અહાઝયા
- આહાઝ યોરામ
- હિઝકિયા યેહૂ
- મનાશ્શા યહોઆહાઝ
- આમોન યોયાશ
- યોશિયા યરોબામ II
- યહોઆહાઝ ઝખાર્યા
- એલ્યાકીમ શાલ્લૂમ
- (યહોયાકીમ) મનાહેમ
- (જુઓ ૨ રાજા ૨૩ : ૩૪) પકાયા
- યહોયાખીન પેકાહ
- (યખોન્યા, કોનિયા) હોશિયા
- સિદકિયા (માતાન્યા)

**બાર શિષ્યો (ફેરફારવાળાં)**

- પિતર
- યાકોબ
- 'દેવ' નહિ, 'ઈશ્વર'
- 'આમેન' નહિ, 'આમીન'
- ઈશ્વર માટે માનવાચક સર્વનામ વાપરવું, તમે, તમારું,

- એવું જ ઈસુ, પ્રભુ ઈસુ, ખ્રિસ્ત માટે માનવાચક સર્વનામ વાપરવું.
- 'યોહાન બાપ્તિસ્ત' વાપરવું, (યોહાન બાપ્તિસ્મા કરનાર નહિ)
- ગોલ્યાથ
- આબ્શાલોમ

**શહેરોનાં નામ, ઈત્યાદિ**

- યરુશાલેમ
- યરીખો
- સમરુન
- કફરનાહૂમ
- યર્દન
- બેથાનિયા (બેથાની એ ખોટો ઉચ્ચાર છે.)
- નિનવે
- બાઇબલ - એમાં હસ્વ 'ઇ' છે; દીર્ઘ 'ઈ' નથી. તેમજ 'ય' પણ નહિ.
- સદોમ અને ગમોરા

●

# ૧૨ હિબ્રૂ નામો અપનાવવાં જોઈએ

સુરતના મુસ્લિમ મુનશીએ બાઈબલમાં હિબ્રૂ મૂળમાંથી આવેલાં નામોને બદલે કુરાનનાં અરબી નામો દાખલ કરવાની ભૂલને ૧૬૦ વર્ષ થઈ ગયાં છે; અને એ અરબી નામો કોઠે પડી ગયાં છે. તો શા માટે એ અરબી નામો જ હવે ચાલુ ન રાખીએ ? શા માટે હિબ્રૂ નામો મૂકવાં ?

આ દલીલ આડે માર્ગે લઈ જનારી છે ! કેટલાંક વર્ષો પર હું અને એક મિશનરી બાનુ મોટરકારમાં માતર તાલુકાના લિંબાસી ગામે ગયાં હતાં. ગામની ભાગોળે ઘણાં બધાં છોકરાં ધૂળમાં રમતાં હતાં. એમાં એક બારેક વર્ષની બારૈયા કોમની છોકરી હતી. કેટલાક સમય પહેલાં એનો હાથ કોણીએથી ભાગી ગયો હતો. પણ હવે કુદરતી રીતે એને રૂઝ આવી ગઈ હતી. ચામડી બરાબર જોડાઈ ગઈ હતી. પણ કોણીમાંથી લગભગ ત્રણેક ઈંચ જેટલું હાડકું ખૂલ્લે ખૂલ્લું બહાર રહી ગયું હતું, અને બહાર દેખાતું હતું. જો કે એની નીચે અને આસપાસ ચામડી જોડાઈ ગઈ હતી. એને કંઈ વેદના થતી નહોતી. ફક્ત તે કોણી વાળી શકતી નહોતી. આમ છતાં તે બહુ મઝાથી અન્ય છોકરાંઓ સાથે દોડંમદોડી કરતી હતી, અને પકડંપકડી દાવ રમતી હતી.

આ જુવાન છોકરીની સ્થિતિ જોઈ અમને તો દુઃખ થયું. અમે એનાં માબાપને બોલાવ્યાં, અને બહુ વિનંતી કરી કે, ''અમે એને નડિયાદ દવાખાને મોટરમાં લઈ જઈએ, ઓપરેશન કરાવીને સાજીસમી કરી દઈએ.'' પણ માબાપે શું કહ્યું ? ''ના, ના, ચાલશે. હવે એને રૂઝ વળી ગઈ છે. અને હવે તો આવી સ્થિતિ એને કોઠે પડી ગઈ છે. ઘરનાં બધાં કામકાજ પણ કરી શકે છે. અને હવે તો

બધું કુદરતી લાગે છે, સમુસુતરું લાગે છે. દવાખાને નથી લઈ જવી.''

બહુ બહુ મથામણ કરી કે, ''છોકરીની જાત છે, અને ભવિષ્યમાં એ દીકરી જાતને બહુ તકલિફ પડશે.'' આખરે માબાપ માન્યાં. અમે એ દીકરીને મોટરમાં નડિયાદ લાવ્યાં. ઓપરેશન કરાવ્યું. સાજીસમી થઈ ગઈ. પછી એના ઘેર મોકલી. અત્યારે તો એ છોકરી બે-એક છોકરાંની માતા પણ બની ગઈ હશે.

ભૂલ તો સુધારવી જ જોઈએ ને ! ભલેને ગમે તેટલાં વર્ષો સુધી, પેલી છોકરીની જેમ, એવી ભૂલ ભરેલી પરિસ્થિતિ બરાબર કોઠે પડી ગઈ હોય !

બાઈબલ ટ્રાન્સલેશનનો એક અટલ નિયમ છે કે, બની શકે તેટલી હદે ઓરિજિનલ (મૂળ) લખાણ જેવો જ તરજુમો બનાવવો. બની શકે તેટલો સાચો ને સ્પષ્ટ તરજુમો બનાવવો; અધકચરું કશું જ રાખવું નહિ. હિબ્રૂ પાઠમાંથી આવેલા તરજુમામાં ભૂલથી અરબી નામો ઘુસાડવાં એ અધકચરું જ કહેવાયને ! પેલી જુવાન છોકરીનો હાથ અધકચરો જ રહેવા દીધો હોત તો ?

એ ભૂલો સુધારવી જ રહી. ખરું અને વાજબી તો એ છે કે આપણા તરજુમાઓ મૂળ ઈશ્વર પ્રેરિત લેખોને વધુ અને વધુ મળતા બનાવવા જોઈએ. એને બદલે એની એ જ ભૂલથી લખાયેલાં કુરાનનાં અરબી નામો રાખવાની હાકલ કરવામાં આવે છે !

ઈશ્વરે પોતે હિબ્રૂમાં એ નામો ઉચ્ચાર્યાં હતાં. માનવી લેખકોને મૂળ લેખક પવિત્ર આત્માએ પ્રેરણા આપતાં એ જ હિબ્રૂ નામો ઉચ્ચાર્યાં હતાં. અને ખુદ પ્રભુ ઈસુ જ્યારે માનવી દેહમાં પૃથ્વી પર હતા ત્યારે ઉપદેશ કરતાં અને શીખવતાં એજ નામો હિબ્રૂ અને અરામીમાં ઉચ્ચાર્યાં હતાં. અને પવિત્ર આત્માએ લેખકોને પ્રેરણા આપતાં એ નામ ઉચ્ચાર્યાં હતાં. તો કોઈનેયે એ હક્ક નથી કે એ હિબ્રૂને બદલે અરબી નામો ઉમેરે યા ચાલુ રાખે.

''આ પુસ્તકમાંનાં ભવિષ્યવચનો જે કોઈ સાંભળે છે તેને હું સોગન દઈને કહું છું કે જો કોઈ તેઓમાં વધારો કરશે તો તેના પર ઈશ્વર આ પુસ્તકમાં લખેલા અનર્થો વધારશે. વળી જો કોઈ આ ભવિષ્યવચનના પુસ્તકમાંથી કંઈ પણ કાઢી નાખશે, તો ઈશ્વર તેનો ભાગ જીવનના ઝાડમાંથી તથા પવિત્ર નગરમાંથી કાઢી નાખશે'' (પ્રકટી. ૨૨ : ૧૮, ૧૯).

•

# ૧૩ ગુજરાતી શબ્દકોશ માટે શબ્દો

આપણા ગુજરાતી બાઈબલમાં અને સમાજમાં કેટલાક શબ્દો પરંપરાથી વપરાતા આવ્યા છે, પણ **ગુજરાતી સાર્થ** જોડણી કોશમાં કે અન્ય ગુજરાતી ડીક્ષનરીઓમાં એ શબ્દો મૂકવામાં આવ્યા નથી. તેથી આપણને તથા અન્યને મૂંઝવણ ઊભી થાય છે. તો જો એવા શબ્દો હવે પછી છપાનાર ડીક્ષનરીઓમાં દાખલ કરવા એ પ્રકાશકોને વિનંતી કરવામાં આવે, અને જો એ શબ્દો એમ દાખલ કરવામાં આવે તો લાભદાયી બને. નિવૃત્ત પ્રિન્સીપાલ શ્રી ભગવતપ્રસાદ બી. ચૌહાણે તા. ૨-૧૦-૯૬ની સમિતિ વખતે કહ્યું હતું કે તેમના મિત્ર હાલ ડીક્ષનરી તૈયાર કરી રહ્યા છે. તેમને એ શબ્દો તેઓશ્રીએ આપવાની જવાબદારી સ્વીકારી છે. આભાર.

આવા થોડાક શબ્દો નીચે પ્રમાણે છે :

**હલવાન** = ઘેટાનું બચ્ચું. બાઈબલમાં હલવાન શબ્દ પ્રભુ ઈસુને માટે ''ઈશ્વરના હલવાન'' (ઈશ્વર તરફથી રજૂ થયેલા બલિદાન) તરીકે વપરાયું છે, ''Lamb of God.'' ગુજરાતી શબ્દકોશમાં 'હલવાન શબ્દ' બકરીના બચ્ચા તરીકે, kid તરીકે અથવા કોર વિનાની શાલ માટે કે કાંબલ માટે વપરાયો છે. ગુજરાતીમાં દરેક પશુના બચ્ચા માટે શબ્દ છે. જેમ કે મદનિયું, બોતડું, લવારું (બકરીનું), વછેરો, વાછરડું, પાડું, મીંદડું, કુરકુરિયું, વગેરે. પણ ઘેટીના બચ્ચા માટે શબ્દ જ નથી. (મને તો લાગે છે કે 'હલવાન' શબ્દ જ ઘેટીના બચ્ચા માટે હશે.)

**તારણ** = ઉદ્ધાર; તારણહાર.

**યહોવા** = યહૂદી અને ખ્રિસ્તી ધર્મ પ્રમાણે ઈશ્વરનું વ્યક્તિવાચક નામ. હિબ્રૂ ભાષામાંથી આવેલો શબ્દ. હિબ્રૂમાં લખાય છે :

યહોવાહ, પણ બોલાય છે 'યહોવા', યાહવે, (હિબ્રૂમાં સ્વરો નહોતા, ત્યારે યહવહ લખાતું). એનો અર્થ લગભગ આવો થાય છે, ''હું જે છું તે છું'', અથવા હું જે હોઈશ તે હોઈશ. એટલે કે સાર્વકાલિક ''હું છું'' Eternal I am.

**મુક્તિ-મૂલ્ય** = પાપ અને નર્કમાંથી માણસજાતને મુક્ત કરવા ઈશ્વરે વધસ્તંભ પર બલિદાન દ્વારા છૂટકારાની કિંમત ચૂકવી તે.

**મંડળી** = ખ્રિસ્તી ધર્મ મંડળ, ચર્ચ, ધર્મસંઘ, ચર્ચનો અર્થ મંડળી તેમજ દેવળ થાય છે. ગ્રીક : કલિસિયા (ક્રિયાપદ એકલેસિયા, એકત્ર કરવા પરથી.)

**મનપલટો (હૃદયપલટો)** = મૂળ ગ્રીક 'મેતાનોયિયા. મેતા = મન, નોઈઆ = નવું કરવું (મતલબ - શેતાન અને જગતને છોડીને ઈશ્વર તરફ વળવું.' (પશ્ચાત્તાપ, પસ્તાવો એટલે પાછળનો તાપ - એમાં પૂરો અર્થ સમાતો નથી.)

**પરીક્ષણ** = બાઈબલમાં અને ખ્રિસ્તી સમાજમાં 'પરીક્ષણ' શબ્દ બીજા એના જેવા શબ્દો કરતાં કંઈક વધુ ઊંડો અર્થ સમાવે છે. લલચાવવું, પ્રલોભન, પરીક્ષા, કસોટી, પારખવું એ બધા ઉંણા ઉતરે છે. બાઈબલનો અર્થ = શેતાન અને તેના ભૂંડા આત્માઓ માણસને પાપમાં નાખવા, ઈશ્વરથી દૂર રાખવા, સત્ય પ્રત્યેથી ભમાવવા; હિંદુ ફીલોસોફીમાં ભૂંડાઈ (evil)ની અપાર્થિવ વ્યક્તિ નથી (જે યહૂદી અને ખ્રિસ્તી ધર્મમાં છે, એ અપાર્થિવ વ્યક્તિનું ('અજવાળા દૂતનો ડોળ ધરીને') ભૂંડું આકર્ષણ, ખેંચાણ કરે તેને માટે પરીક્ષણ શબ્દ વાપરીએ છીએ.

**ઈસ્ટર** = ઈસુ ખ્રિસ્ત એ દિવસે મૃત્યુંજય બનીને કબરમાંથી (ત્રીજે દિવસે) જીવતા બહાર નીકળી આવ્યા હતા. વસંતસંપાત (માર્ચ ૨૧) પછી આવતી પુનમ પછીનો રવિવાર તે ઈસ્ટર. જો એ પુનમે રવિવાર હોય તો તે ઈસ્ટર ગણાય. એ ખ્રિસ્તી તહેવાર છે.

**ગુડ ફ્રાઈડે** = ઈસ્ટરની પહેલાંનો શુક્રવાર તે ગુડ ફ્રાઈડે અથવા શુભ શુક્રવાર તહેવાર તરીકે ગણાય છે. ઈસુ ખ્રિસ્તને એ દિવસે વધસ્તંભ પર જડી દેવામાં આવ્યા હતા.

**બાપ્તિસ્મા** = (લાટીન પરથી) ખ્રિસ્તી ધર્મ- સ્વીકારના ચિહ્ન તરીકે લેવાતો જળસંસ્કાર. (પાણી રેડવું, છાંટવું યા પાણીમાં ડૂબકી મારવી.) ખ્રિસ્ત કુટુંબનાં બાળકોને પણ આ જળસંસ્કાર આપવામાં આવે છે.

**પુનરુત્થાન** = સજીવન થઈને મૃત્યુમાંથી કાયમ માટે પાછા ઊઠવું.

**ગગનગમન** = ઈસુ ખ્રિસ્ત પોતાના લોકોને લેવા ગગનમાં ઊતરશે ત્યારે જીવતા તથા મૃત્યુ પામેલા તેમના લોકો મહિમાવંત શરીરો ધારણ કરીને ગગનમાં ઊંચકાઈ જશે, એ બનાવને (પારૂશિયા) ગગનગમન કહે છે.

**પુનરાગમન** = ગગનગમન પછી સાત વર્ષે ઈસુ ખ્રિસ્ત પૃથ્વી ઉપર રાજ્ય કરવા અને ન્યાય કરવા ઊતરશે તે પ્રસંગને પુનરાગમન (Revelation) કહે છે.

•

GUJARATI CHRISTIAN FELLOWSHIP
OF PHILADELPHIA
425 CENTRAL AVE.
CHELTENHAM, PA 19012-2103

## લેખકનાં આગામી પુસ્તકો

- વિશ્વ બનાવો અને પ્રભુનું પુનરાગમન
- પ્રભુ ઈસુ ભારતમાં આવ્યા હતા ?
- પ્રકટીકરણના પુસ્તકનો ભક્તિવર્ધક ખુલાસો
- ઉત્પત્તિ કે ઉત્ક્રાંતિ ?
- દુ:ખનો પ્રશ્ન
- મૃત્યુને પેલે પાર
- જળપ્રલય-આખી પૃથ્વી પર
- સદોમ-ગમોરાહનાં પાપ અને વિનાશ
- આટલી બધી ભાષાઓ ક્યાંથી આવી ?
- આત્મિક દુનિયા : દૂતો, ભૂતો, શેતાન, અશુદ્ધ આત્માઓ-એમની કામગીરી
- બાઈબલની કાળમાન પદ્ધતિ
- અખાતી યુદ્ધ, ઈરાક અને બાઈબલ
- લેખકોને આટલું ખાનગીમાં
- ગીતોના ગીતનું ભક્તિવર્ધક ભાષ્ય
- બાઈબલનો ગુજરાતી તરજુમો અને ઈશ્વરે પોતે ઉચ્ચારેલા વિશેષ નામ

□

## લેખકનાં પુસ્તકો

- બોલતા આંકડા (અનુવાદ)
- શબગુફાનો શહિદ (અનુવાદ)
- વધસ્તંભની વાટે (પાંચ આવૃત્તિ) છઠ્ઠી બ્રેઈલ લિપિમાં
- ગુજરાતી બાઇબલનો ઇતિહાસ
- બાઇબલ કોણે લખ્યું - ડ્રામા
- ખ્રિસ્તી શિષ્યપણું - કઠણ માર્ગ (અનુવાદ)
- ચોથા માગીની કથા (અંગ્રેજીને આધારે)
- અજાયબ ભવિષ્યવચનો; ભક્તિ યોજનાનાં સાત પર્વ
- ઈસુ જીવન દર્શન-સચિત્ર (બાળકો માટે)
- અનોખી ઇઝરાયલ પ્રજા (ચાર આવૃત્તિ)
  (હિન્દી અને અંગ્રેજીમાં પણ)
- બાઇબલ અભ્યાસ (બાઇબલના મૂંઝવતા પ્રશ્નોના જવાબ :
  ભાગ ૧ થી ૧૦. પહેલાનું અને બીજાનું પુન મુદ્રણ)
- માનવીનાં દુ:ખમાં ઈશ્વર ભાગ લે ખરો ? (ટ્રાક્ટ) બ્રેઈલમાં પણ
- યરુશાલેમનું મંદિર બંધાશે ? ક્યારે ? ક્યાં ? કેમ ? (બે આવૃત્તિ)
- દાનિયેલનું પુસ્તક અને પ્રભુનું પુનરાગમન (પુન મુદ્રણ)
  (હિન્દી અને અંગ્રેજીમાં પણ)
- પુનરુત્થાનો, ન્યાયકાળો અને પ્રભુનું પુનરાગમન
- રશિયા, ઇઝરાયલ અને બાઇબલ (બીજી આવૃત્તિ)
  ચિત્રમય બાઇબલ અભ્યાસક્રમ (ચાર્ટ્સ)
- માર્ગદર્શિકા (ચિત્રમય બાઇબલ અભ્યાસક્રમ માટે)
- બાઇબલનો વિવેચનપૂર્ણ-માહિતી કોશ ભાગ-૧ અને ૨
  (અલગ અલગ પુસ્તકો)
- જોષ જોવાનું પાપ (બીજી આવૃત્તિ) (હિન્દી અને અંગ્રેજીમાં પણ)
- બાઇબલનો શબ્દકોશ
- આપણાં મધુરાં ગીતોના અધૂરા ઇતિહાસ
  (શ્રીમતી જયવંતીબહેન ચૌહાનના સહયોગથી)
- ત્રણ માગીની પત્નીઓ (શ્રીમતી જયવંતીબહેન ચૌહાનના સહયોગથી)
- ઈસુના પગલે પગલે
- અનેક માની આંસુભરી પ્રાર્થનાનાં પરિણામ

(લેખકનાં આગામી પુસ્તકો માટે જુઓ કવર પેજ નં. ૩)

PRINTED BY : JENSON COMPUTERS, A'BAD-8 ✆ 2147641